# Print coverage of Gujarat



# આરોગ્યને નુકશાન કરતા પેક ખાધ્ય પદાર્થોના ઉપયોગથી ભારતમા માનવ મૃત્યુદર વધતો જાય છે – શ્રી હેંમત ઉપાધ્યાય

જનતા કી જાનકારી
રીપોર્ટર ભુપતભાઈ પૂર્ણવિરાગી
જસદણ

વોઈસ, ન્યુ દિલ્હી –

રાજકોટના નાગરીકોને આરોગ્યની જાણવણી માટે મહાનગરપાલીકાનો આરોગ્ય તંત્ર સંપુર્ણ સજજ છે – શ્રી ડો. પંકજભાઈ રાઠોડ ( આરોગ્ય અધિકારી, રાજકોટ મહાનગ ર પાલીકા)–આરોગ્યપ્રદ અને શુધ્ધ ખોરાક માટે ઘર બહાર ના ખોરાકોનો બહિષ્કાર કરવો–શ્રી ડો. આર. એસ. ત્રિવેદી ( ડાયરેકટર, સિવીલ હોસ્પીટલ, રાજકોટ ) ગુજરાત સરકાર ના ખોરાક અને ઔષધ્ય તંત્ર દ્વારા ખોરાકની શુધ્ધતાની ચકાસણી મોબાઈલ લેબ દ્વારા ગ્રામ્ય વિસ્તારો સુધી કરવામા આવશે– શ્રી ડો. જે. એમ. શાહ ( ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ, ગુજરાત સરકાર ) વોઈસ, ન્યુ દિલ્હીના પ્રતિનિધીશ્રી હેંમત ઉપાધ્યાયએ સેમીનારના મુખ્ય વકતા તરીકે જણાવેલ હતું કે, × દેશમા પેક ખાધ્ય પદાર્થોના વપરાશ અને ઉપયોગમા દિન - પ્રતિદિ વધારો થતો જાય છે. આ પ્રકારના ખોરાકના પૈકીંગો ઉપર લેબલીંગ કરવું ફરજીયાત છે. આ પ્રકારે લેબલીંગ ખરીદનારની દ્દષ્ટિમા આવે તેમ રાખવામા આવે છે. ખોરાકન લેબલીંગથી ખાધ્ય પદાર્થમા કયા પ્રકારના મિશ્રણોનો ઉપયોગ કરવામા આવેલ છે તેન માહિતી ગ્રાહકને મળતી હોય છે. વોઈસ, ન્યુ દિલ્હી દ્વારા દેશભરમા ફુડ લેબલીંગ અંગેની જાગૃત્તિ આમ જનતાને આપવાના હેતુથી આ પ્રકારના સેમીના રો અને ચર્ચા સભાઓનું આયોજન કરવામા આવે છે. રાજકોટ ખાધ્ય પદાર્થોના ભેળસેળનું હબ બની ગયેલ છે. જેથી રાજકોટમા આ સેમીનારનું કરવા બદલ શ્રીમતિ રમાબેન માવાણી તથા વહિવટી તંત્રને અભિનંદન આપું છું. × રાજકોટ સિવિલ હોસ્પીટલના વડા અને જાણીતા સિવિલ સર્જન શ્રી ડો . આર. એસ. ત્રિવેદીએ જણાવેલ હતું કે '' પેકીંગયુકત ખોરાક માસાહારી છે કે શાકાહારી છે ? ખોરાકમા કયા પદાર્થોનો ઉપયોગ કરવામા આવેલ છે ? કયારે ઉત્પાદન થયેલ છે ? વિગેરે અગત્યની માહિતી મેળવવાનો ભારતના દરેક નાગરીકનો બંધારણીય અધિકાર છે. રાજકોટની સિવીલ હોસ્પીટલ અને મેડીકલ કોલેજ કચ્છ – સૌરાષ્ટ્રના આમ નાગરીકોના આરોગ્યની જાળવણી માટે અધ્યતન રીતે સજજ અને તૈયાર છે. × કેન્સર હોસ્પીટલ રાજકોટના ડાયરેકટર શ્રી વી. કે. ગુપ્તાએ જણાવેલ હતુ કે '' કચ્છ સૌરાષ્ટ્રના કેન્સ ર ના દર્દીઓની સંખ્યા દિન - પ્રતિદીન વધતી જાય છે. જેનું મુખ્ય કારણ ભેળસેળયુકત ખોરાકનો વપરાશ છે. આરોગ્યને નુકશાન કરવામા પાણીપુરી પ્રથમ નંબરે આવે છે. દરેક નાગરીકોએ પોતાના આરોગ્યની જાણવણી માટે આરોગ્યપ્રદ ખોરાકજ લેવો જોઈએ × રાજકોટ મહાનગરપાલીકાના આરોગ્ય અધિકારીશ્રી ડો. પંકજભાઈ રાઠોડએ ઉપસ્થીત શ્રોતાઓને ખાધ્ય પદાર્થોમા થતી ભેળસેળને ઘેરબેઠા કેવી રીતે ચકાસી શકાય તે સંબધે સંપુર્ણ માહિતી આપેલ હતી. રાજકોટ શહે ર ને ખોરાકમા થતી ભેળસેળથી મુકત ક ર વાનો અમારો મહાયજ્ઞ શરૂ થઈ ગયો છે. મોબાઈલ લેબ દ્વારા અમો શહેરી અને ગલ્લીમા ખોરાકમા થતી ભેળસેળને રોકવા રાજકોટ મહાનગરપાલીકાનું આરોગ્ય વિભાગ યુધ્ધના ધોરણે કામે લાગી ગયો છે. રાજકોટમા આ પ્રકારના સેમીનારો કરવા બદલ × માવાણી દંપતિ ' ને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવું છું. સેમીનારમા રાજકોટ મહાનગરપાલીકાના શ્રી ડો. અમીતભાઈ પંચાલ, ગુજરાત સ ર કા ર ના ફૂડ અને ડ્રગ્સ વિભાગના શ્રી ડો. જે. એમ. શાહ, શ્રીમતિ ર માબેન માવાણી, શ્રી રામજીભાઈ માવાણી, શ્રીમતિ દિપાબેન કોરાટ, શ્રીમતિ રંજનબેન ચૌહાણ, શ્રી અશોકભાઈ કોયાણી વિગેરે મહાનુભાવોએ પ્રાસંગીક પ્રવચનો કરેલ હતા. સેમીનારમા ખુલ્લા મંચ દરમ્યાન પેક ખોરાક ઉપર લગાડવામા આવતા લેબલીંગ સંબધે વિસ્તૃર્ત પ્રશ્નોત્તરી અને વિચારોની આપ-લે કરવામા આવેલ હતી. રાષ્ટ્રગીત સાથે સેમીનારનું સમાપન્ન કરવામા આવેલ હતું. -::

તસ્વીરની વિગતો : સેમીનારના ઉદઘાટન સમારોહની તસ્વીરમા ડાબેથી જમણી તરફ શ્રીમતિ રંજનબેન ચૌહાણ, શ્રી ડો. પંકજભાઈ રાઠોડ, શ્રી ડો. આર. એસ. ત્રિવેદી, શ્રીમતિ દિપાબેન કોરાટ, શ્રીમતિ રમાબેન માવાણી, શ્રી હેંમત ઉપાધ્યાય, શ્રી અશોકભાઈ કોયાણી, શ્રી ડો. અમીતભાઈ પંચાલ, શ્રી ડો. જે. એમ. શાહ વિગેરે મહાનુભાવો તસ્વીર મા નજરે પડે છે.

અબતક
સાંધ્ય દૈનિક

# શહેરીજનોના આરોગ્યની જાણવણી માટે આરોગ્ય તંત્ર સંપૂર્ણ સજજ: આરોગ્ય અધિકારી

## આરોગ્યપ્રદ અને શુધ્ધ ખોરાક માટે ઘર બહારના ખોરાકોનો બહિષ્કાર કરવો– ડો.આર.એસ. ત્રિવેદી

## ખોરાકની શુધ્ધતાની ચકાસણી મોબાઈલ લેબ દ્વારા ગ્રામ્ય વિસ્તારો સુધી કરવામાં આવશે

અબતક,રાજકોટ

વોઈસ , ન્યુ દિલ્હીના પ્રતિનિધી હેંમત ઉપાધ્યાયએ સેમીનારના મુખ્ય વકતા તરીકે જણાવેલ હતું કે , " દેશમા પેક ખાધ્ય પદાર્થોના વપરાશ અને ઉપયોગમા દિન - પ્રતિદિન વધારો થતો જાય છે . આ પ્રકારના ખોરાકના પેકીંગો ઉપર લેબલીગ કરવું ફરજીયાત છે . આ પ્રકારે લેબલીંગ ખરીદનારની દ્રુષ્ટિમા આવે તેમ રાખવામા આવે છે . ખોરાકના લેબલીંગથી ખાધ્ય પદાર્થમા કયા પ્રકારના મિશ્રણોનો ઉપયોગ કરવામા આવેલ છે તેની માહિતી ગ્રાહકને મળતી હોય છે . વોઈસ , ન્યુ દિલ્હી દ્વારા દેશભરમા ફુડ લેબલીંગ અંગેની જાગૃત્તિ આમ




જનતાને આપવાના હેતુથી આ પ્રકારના સેમીનારો અને ચર્ચા સભાઓનું આપોજન કરવામા આવે છે .

રાજકોટ સિવિલ હોસ્પીટલના વડા અને જાણીતા સિવિલ સર્જન ડો . આર . એસ . ત્રિવેદીએ જણાવેલ હતું કે ' પેકીંગયુકત ખોરાક માસાહારી છે કે શાકાહારી છે ? ખોરાકમા કયા પદાર્થોનો ઉપયોગ કરવામા આવેલ છે ? ક્યારે ઉત્પાદન થયેલ છે ? વિગેરે અગત્યની માહિતી મેળવવાની ભારતના દરેક નાગરીકનો બંધારણીય અધિકાર છે . રાજકોટની સિવીલ હોસ્પીટલ અને મેડીકલ કોલેજ કચ્છ - સૌરાષ્ટ્રના આમ નાગરીકોના આરોગ્યની જાળવણી માટે અધ્યતન રીતે સજજ અને તૈયાર છે.

સેમીનારમા રાજકોટ મહાનગરપાલીકાના ડો . અમીતભાઈ પંચાલ , ગુજરાત સરકારના ફૂડ અને ડ્રગ્સ વિભાગના ડો . જે . એમ . શાહ, રમાબેન માવાણી , રામજીભાઈ માવાણી , દિપાબેન કોરાટ, રંજનબેન ચૌહાણ, અશોકભાઈ કોપાણી વિગેરે મહાનુભાવોએ પ્રાસંગીક પ્રવચનો કરેલ હતા.

સેમીનારમા ખુલ્લા મંચ દરમ્યાન પૈક ખોરાક ઉપર લગાડવામા આવતા લેબલીંગ સંબધે વિસ્તૃત પ્રશ્નોત્તરી અને વિચારોની આપ - લે કરવામા આવેલ હતી.